**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૩ ટકા

# સે-૩-ન્યુનું સરકારી દવાખાનું રહીશોને બિમાર કરશે

## બંધ હાલતમાં હોવાથી દવાખાના સંકુલમાં ગંદકીના ઢગ ખડકાયા : રખડતા ઢોર અને કેટલાક નાગિરકો માટે જાહેર શૌચાલય સમાન બન્યું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૩-ન્યુ ખાતે સરકારી દવાખાનું જે ઘણા સમયથી બંધ હાલતમાં છે, જેના પગલે દવાખાના સંકુલમાં ગંદકીનું પ્રમાણ ખૂબ વધી જવા પામ્યું છે. દવાખાના સંકુલની કમ્પાઉન્ડ વૉલ પણ તુટી જવા પામી છે જેને કારણે ગાયો-ભેંસો સહિત નીલગાયના પણ આંટાફેરા ત્યાં જોવા મળે છે અને કેમ્પસમાં ફેલાયેલી ગંદકીના કારણે જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો હોવાથી આસપાસના રહીશોના આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યો છે.

સેકટર-૩ ન્યુના સરકારી દવાખાનામાં દર્દીની તપાસ કે સારવાર થતી નથી કારણ કે દવાખાનું બંધ હાલતમાં છે. દવાખાનું બંધ હોવાને કારણે તેના સંકુલની સાફ સફાઈમાં પણ તંત્રની બદરકારી અને ઉદાસીનતાના કારણે કેમ્પસ ગંદકીનું ઘર બનવા પામ્યું છે. અને કેટલાક રાહદારીઓ તેનો પેશાબખાના તરીકે તો કેટલાક નાગરિકો તેનો જાહેર શૌચાલય તરીકે પણ ઉપયોગ કરી રહ્યા છે. વળી, દવાખાનાના બંધ મકાનને તુટેલી કમ્પાઉન્ડ વોલની આડશમાં અસામાજિક તત્વો તેમની પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરી રહ્યા છે. દવાખાનાના સંકુલની લાઈટો તુટેલી હાલતમાં છે તેમજ પાણીની ટાંકી પણ તુટેલી હોવાતી પાણીનો બગાડ પણ થાય છે. માનવથી માંડી રખડતા ઢોરોની શૌચક્રિયા સાથે પાણીના ખાબોચિયા અને કચરાના ઢગ મળીને સમગ્ર સંકુલ જીવાણુઓના ઉપદ્રવનું કેન્દ્ર બની ગયું છે. જેને કારણે સંકુલ આસપાસના રહીશોમાં રોગચાળો ફેલાવાનું જોખમ તોળાઈ રહ્યું છે.

વળી, કેટલાક ઈસમો તો દવાખાનાના મકાનનો કેટલોક ભાગ તેમના ખાનગી ગોડાઉનની જેમ ઉપયોગ કરી રહ્યા છે. સ્થાનિક અગ્રણીઓની અનેકવાર રજુઆત છતાં સંકુલની સાફસફાઈ કે મરામત પણ હાથ ધરાતી નથી તેથી રહીશોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

### ફરી ઓપીડી ચાલુ કરો અથવા આયુર્વેદ દવાખાનું બનાવી દો

સે-૩ ન્યુના સરકારી દવાખાનાને ફરી ચાલુ કરવા અને સપ્તાહમાં બે દિવસ ઓપીડી રાખી અથવા આયુર્વદ દવાખાનામાં તબદીલ કરવા સ્થાનિક રહીશોમાં માંગ પ્રવર્તી રહી છે. આ બાબતે સે-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા દ્વારા રજુઆતો પણ કરવામાં આવી છે. જો દવાખાનાને ફરી ચાલુ કરાય તો તેનો લાભ આ વિસ્તારના રહીશો તથા નજીકમાં આવેલા શોપીંગ સેન્ટરના વેપારીઓ અને તેમના કર્મચારીઓને પણ મળી શકે તેમ છે.

## સેકટર-૨૮ ગાર્ડન ખાતે સરપંચો એકઠા થયા



ગાંધીનગર શહેરમાં સોમવારના રોજ બપોરના સુમારે રાજયભરમાંથી સરપંચો એકઠા થયા હતા. સરપંચોની છેલ્લા કેટલાક સમયથી પડતર માંગણીઓ છે જેનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. જેમાં પંચાયતને રૂ.૧૫ હજાર રોકડ ખર્ચ કરવાની મંજુરી આપવી, સરપંચને પાગર આપવો, વિકાસના કામમાં સમય મર્યાદામાં ગ્રાન્ટ ફાળવવી, કમ્પલીશનનમાં મંત્રીની સહી લેવાની ફરજીયાત કરી છે તે રદ કરવી સહિતના પ્રશ્નો છે. સરપંચો સેકટર-૨૮ ગાર્ડન ખાતે એકઠા થઈ સરકાર સામે મોરચો માંડ્યો હતો.

## ચિલોડામાં ચાર સ્થળોએ ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમાન ચિલોડા ખાતે રવિવારની મોડીરાતે વિવિધ ચાર સ્થાનો પર ચડ્ડી બનિયાનધારી ટોળકી દેખાતા ચિલોડાવાસીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ચડ્ડી બનિયાનધારી ટોળકીએ તાળા તોડી ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરતા નાગરીકો સવારે ચિલોડા પોલીસ મથકે રજુઆત કરવા માટે ગયા હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે કોઈ પણ સ્થળે ચોરી થઈ ન હોવાથી પોલીસે તસ્કરોને પકડી પાડવા માટે ખાનગી રીતે તપાસ શરુ કરી છે.

અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચિલોડાના અક્ષર બંગ્લોઝ, ઉમિયા નગર સોસાયટી, ગુડાના મકાનો, ઈસનપુર માર્ગ પર આવેલ સુરમ્ય બંગ્લોઝ ખાતે ચડ્ડી બનિયાનધારી ટોળકી દેખાતા હાહાકાર મચી જવા પામ્યો છે. જેમાં એક જગ્યાએ સીસીટીવી કેમેરામાં તસ્કરો આબાદ રીતે ઝડપાઈ ગયા છે. અક્ષર બંગ્લોઝ નજીક તસ્કર ટોળકી દેખાતા સિક્યુરીટી ગાર્ડે પીછો કરતા ટોળકીના સભ્યો ભાગી ગયા હતા. ગુડાના આવાસોમાં અંદર ગયેલી ટોળકીને મકાનો ખાલી અને સુમસામ લાગતા ટોળકી ત્યાંથી રવાના થઈ ગઈ હતી. તસ્કરોના આંટાફેરાથી ચિલોડાવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. ચિલોડાના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા ખાતે રહેતા કેટલાક રહીશો સવારે પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને પોલીસને રાત્રીના બનાવ અંગે રજુઆત કરી હતી. સ્થાનિક પોલીસનો બંદોબસ્તમાં મુકવામાં આવતા તસ્કર ટોળકીના સભ્યો લાભ ઉઠાવી જાય છે. ત્યારે ચિલોડામાં રાત્રી પેટ્રોલીંગમાં વધારો કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## રાજયમાં વિદ્યા સહાયકોની ભરતી માટે એનએસયુઆઈની શિક્ષણમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર ખાતે વિદ્યા સહાયકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગુજરાત રાજયમાં છેલ્લા ઘણા વર્ષોથી વિદ્યા સહાયકોની ભરતી થઈ નથી.રાજયભરમાં ૨૦ હજારથી વધુ જગ્યાઓ વિદ્યાસહાયકોની ખાલી પડી છે. ત્યારે તેની સામે સરકાર દ્વારા માત્ર ૩૨૬૨ જગ્યા ફાળવવામાં આવી છે. રાજયના વિદ્યાર્થીઓ સરકારી શાળામાં અભ્યાસ કરે છે તેમના ભવિષ્ય સાથે પણ ચેડા થઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે વિદ્યાસહાયકોની ભરતી તાત્કાલીક ધોરણે કરવામાં આવે તેવી માંગ સાથે એનએસયુઆઈ દ્વારા શિક્ષણમંત્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. વિદ્યા સહાયકોની પડતર માંગણીઓનો સત્વરે ઉકેલ નહી આવે તો લોકસભાની ચુંટણીનો વિદ્યાસહાયકો દ્વારા બહિષ્કાર કરવામાં આવશે.

રાજયમાં છેલ્લા ઘણા સમયથી વિદ્યા સહાયકોની



ભરતીને લઈ આંદોલન ચાલી રહ્યું છે. આંદોલનને પગલે અનોકવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે. રાજયભરમાં વિદ્યા સહાયકોની ૨૦ હજારથી વધુ જગ્યાઓ ખાલી છે. ત્યારે સરકારે માત્ર ૩૨૬૨ જગ્યા ફાળવીને ઉમેદવારોની મજાક ઉડાડી હોય તેમ લાગી રહ્યું છે. નિયમ પ્રમાણે મહેકમની ખાલી જગ્યા હોય તેના ૬૦ ટકા મહેકમ દર વર્ષે ભરવાનું હોય છે. પરંતુ સરકાર દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરાયું છે. ગુજરાતના વિદ્યાર્થીઓ જે શાળામાં અભ્યાસ કરી રહ્યા છે, તે વિદ્યાર્થીઓને પણ અન્યાય થઈ રહ્યો છે. સરકાર દ્વારા ત્વરીત નિર્ણયો લેવાતા નથી. ત્યારે એનએસયુઆઈના ગુજરાત પ્રદેશના મહામંત્રી અમિત પારેખે વિદ્યા સહાયકો ઉમેદવારોને સાથે રાખીને સોમવારના રોજ શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવ્યું હતું અને તાત્કાલીક ભરતીની માંગ કરી હતી. જો વિદ્યા સહાયકોને ન્યાય આપવામાં સરકાર વિલંબ કરશે તો વિદ્યા સહાયકો લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

## આઈ.આઈ.ટી.જી. ખાતે સંગીત વાદ્યો વિષય પર લેકચર યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે તા. ૧૩ અને ૧૪ માર્ચના રોજ એકેડેમીક બ્લોક ૧/૧૦૨ ખાતે સાંજે ૪.૩૦ થી ૬ કલાક દરમિયાન આઈઆઈટી દિલ્હીના પ્રોફેસર અનુરાગ ગુપ્તા દ્વારા 'પ્રાચીન વિજ્ઞાનમાં ધ્વનિ-વિજ્ઞાન' અંતર્ગત પ્રાચીન સંગીત વાદ્યો અને તેની થીએરી જેવા વિષય અંગે લેકચર યોજાશે.

## વિસનગરા નાગર પરિવારની મિટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

વિસનગરા નાગર પરિવાર દ્વારા હાટકેશ પાટોત્સવના આયોજનની ચર્ચા કરવાના ઉદ્દેશ્યથી તા. ૧૭ માર્ચના રોજ સાંજે ૫ કલાકે ગાંધીનગર સે-૧૭ સ્થિત નર્મદેશ્વર મહાદેવ ખાતે ગાંધીનગરની કારોબારી અને સલાહકાર સમિતિની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ સનતભાઈ પંડયા અને મહામંત્રી મહેશભાઈ રાવલ દ્વારા દરેકને હાજર રહેવા જણાવાયું છે.

## આઈઆઈટીજી ખાતે છ સપ્તાહનો સમર પ્રોગ્રામ કોર્સ ઈન્વેસ્ટ એટ આઈઆઈટીજી યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના પાલજ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા છ સપ્તાહના સમર પ્રોગ્રામ અંતર્ગત "ઈન્વેસ્ટ એટ આઈઆઈટીજીએન" કોર્સની જાહેરાત કરવામાં આવી છે. આ કોર્સમાં બી.ટેક ડીઝાઈનના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે તેમજ આ કોર્સની બેઠકો પણ આ વર્ષે વધારીને ૩૦ સુધી કરવામાં આવી છે.

આઈઆઈટીજીના ઈન્વેસ્ટિંગ ક્ષેત્રના સમર પ્રોગ્રામ કોર્સ આ વર્ષે ફરી શરૂ થઈ રહ્યો છે જેમાં આ વર્ષે ૩૦ બેઠકો નિયત કરવામાં આવી છે. આ કોર્સ માટેની અરજીઓ રોલીંગ બેસીસ પર લેવામાં આવનારી હોવાથી રસ ધરાવતા વિદ્યાર્થીઓને સત્વરે અરજી કરવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયુ છે. છ સપ્તાહના આ કોર્સમાં ટેકનિકલ તાલીમ સાથે ૧૫ વિદ્યાર્થીઓની ટીમો બનાવી તેમને નવતર પ્રયોગ કરવા તાલીમ આપી તૈયાર કરાશે જેની પેટન્ટ મેળવવાની કાર્યવાહી પણ કરી આપવામાં આવશે. આ ઉપરાંત બંને ટીમમાંથી વિજેતા ટીમને રૂ. ૨ લાખનું ઈનામ અને 'બેસ્ટ ઈન્વેન્શન'ના ખિતાબ સાથે આપવામાં આવશે. આ સમર કોર્સના વિદ્યાર્થીઓની બંને ટીમોને ઈન્વેન્શન માટે રૂ. ૫૦ હજાર તથા અન્ય સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

## સે-૧૧ માંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના કિસ્સા રોજ બરોજ વધી રહ્યા છે. વાહન ચોર શહેરના ભરચક વિસ્તારમાંથી વાહનચોરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે સેકટર-૧૧ અભિષેક બિલ્ડીંગના કોમ્પ્લેક્ષના પાર્કીંગમાંથી તા.૪ માર્ચના રોજ અનો સુમનસિટીના ભોંયરામાંથી તા. ૫ માર્ચે બાઈક ચોરી થઈ હતી. જો કે સુમનસિટીમાંથી બાઈક ચોરી કરનાર શખ્સને તા.૯ માર્ચના રોજ સે-૭ પોલીસે પકડી પાડ્યો હતો. જો કે આ દિવસે સિનેમેકસ થિએટર સામેના પાર્કીંગમાંથી વધુ એક બાઈકની ચોરી થઈ હતી. એટલે કે વાહનચોર સિવિલ કેમ્પસમાંથી સેકટર-૧૧ ને ટાર્ગેટ કરી રહ્યા છે. વાહનચોર ટોળકી સે-૧૧ વાણીજય કોમ્પ્લેક્ષની આસપાસ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચાંદખેડામાં રહેતા શુભમ સહાની સેકટર-૧૧ સુમનસીટી ખાતે સિનેમેકસમાં પત્નિ સાથે પિકચર જોવા માટે આવ્યા હતા. સાંજે ૬ વાગે પીકચરનો શો પુરો થતા તેઓ નીચે આવ્યા હતા ત્યારે થિયેટરની સામે પાર્કીંગમાં મુકેલુ જી.જે.૧૮.ડી.એ.-૯૨૬૪ નંબરનું બાઈક ગુમ થઈ ગયું હતું. બનાવ અંગે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## એનઆઈસીએમ-એસજેપીઆઈ કોલેજની ૩ ટીમોની સ્ટાર્ટઅપ ટેન્ક ચેલેન્જમાં પસંદગી






ગાંધીનગરના ઈન્ફોસિટી પાસેની એનઆઈસીએમ-એસજેપીઈ એમબીએ કોલેજ ખાતે તાજેતરમાં 'સ્ટાર્ટ અપ ટેન્ક ચેલેન્જ ૨૦૧૯' યોજાઈ હતી. આ ચેલેન્જમાં વિવિધ કોલેજની ૪૩ ટીમોએ ભાગ લીધો હતો. દરેક ટીમમાં ૫ વિદ્યાર્થીઓ હતા જેમણે એક આદર્શ બીઝનેસ પ્લાન તૈયાર કરવાનો હતો. આ ચેલેન્જમાં વિદ્યાર્થીઓએ અનેકવિધ ક્ષેત્રના એકમેકથી ચડિયાતા બીઝનેસ પ્લાન રજૂ કર્યા હતા. જેમાંથી શ્રેષ્ઠ ૧૬ ટીમોની પસંદગી કરવામાં આવી હતી. આ ૧૬ ટીમોમાંથી ૩ ટીમ એનઆઈસીએમ-એસજેપીઆઈ કોલેજની હતી જેમને સંસ્થાના ડાયરેકટર બી.કે. નિર્મલ દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. પસંદગી પામેલ તમામ ટીમો આ સ્પર્ધાના આગળના લેવલના રાઉન્ડમાં ચેલેન્જ ઉપાડશે.

## વાવોલમાં જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરનો અડીનો આવેલા વાવોલ ગામમાં ફાટક પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શકુનીઓ રંગેહાથ પકડાયા છે. સર્વેલન્સની સ્કોડની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહને બાતમી મળી હતી કે ખ રોડ સે-૫ માંથી વાવોલ ગામમાં જતા માર્ગ પર આવેલા રેલ્વે ફાટક પાસે જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે, જેને આધારે પાંચ શખ્સોને પકડી લીધા છે. પોલીસે પકડેલા જુગારીઓમાં જીવણ પ્રધાનજી ઠાકોર ઉવ.૩૬ વર્ષ રહે.તરપોજ વાસ, મનીષ બળદેવભાઈ રાવળ ઉવ.૧૯ રહે.રાવળ વાસ, અજય ભલાજી ઠાકોર, ઉવ.૨૦ રહે. વાડીવાળો વાસ, વિજય લક્ષ્મણજી ઠાકોર, ઉવ.૨૬ તરપોજવાસ, મહેલુ કાંતીજી ઠાકોર ઉવ.૨૪, ઠાકોર વાસનો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.૧૩,૫૦૦ , ૩ મોબાઈલ કિં. રૂ. ૧૪,૫૦૦ મળી કુલ રૂ. ૨૮૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે તમામ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## વિસરાતા લગનગીતોની સ્પર્ધામાં મહિલાઓએ ઉમળકાભેર ભાગ લીધો






ગાંધીનગર, તા.૧૨

આજના હાઈ ટેકનોલોજીના યુગમાં લગ્નપ્રસંગે ગવાતા ભારતીય સંસ્કૃતિની ઓળખ એવા લગ્નગીતો વિસરાઈ રહ્યા છે. આમ છતાં લગ્નગીતોનું મહત્વ જરા પણ ઓછું થયું નથી. જયોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિન સપ્તાહના ભાગરૂપે લગ્નગીત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.

વિશ્વ મહિલા દિન સપ્તાહ અનુક્રમે જયોતિ મહિલા મંડળ દ્વારા લગ્નગીત સ્પર્ધા તથા સ્ત્રી રોગ સમસ્યા, ઉકેલ અને ગર્ભાધાન સંસ્કાર અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં ડૉ. ધરાબહેન જાદવ દ્વારા ઉપસ્થિત બહેનોને સ્ત્રીરોગ અને ગર્ભાધાન અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. મંડળ તથા ગાંધીનગરની બહેનો વચ્ચે લગ્નગીતની સ્પર્ધામાં મોટી સંખ્યામાં બહેનો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. લગ્નપ્રસંગને અનુરુપ પહેરવેશ સાથે બહેનોએ માહોલ બનાવ્યો હતો. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કિન્નરીબોન દવે અને આભારવિધિ જયોતિબોન ઠકકરે કરી હતી. કાર્યક્રમમાં જયોત્સનાબોન મણિયાર, કોકિલાબોન નાયક, જયોત્સનાબોન બુચ, શર્મિષ્ઠાબોન દવે, મીનાબોન શાહ, મીનલબોન ઓઝા, જૈમિનીબોન કુલકર્ણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતા બહેનોને અરવિંદ કેન્દ્રના સંચાલક ડૉ. સી.કે. તન્ના તથા પરમજીત છાબડાના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા.

## જીએમડીસી અશ્વ સ્પર્ધામાં ચિલોડાની ઘોડી વિજયાલક્ષ્મી પ્રથમ નંબરે વિજેતા







ચિલોડા, તા.૧૨

અમદાવાદ ખાતે જીએમડીસી ખાતે STUD BOOK દ્વારા આયોજિત અશ્વ હરિફાઈમાં ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટાના વતની અવનીશ ભરતભાઈ નટવરભાઈ પટેલની ઘોડી, વિજયાલક્ષ્મીએ પ્રથમ નંબરે વિજય હાંસલ કરી ગામનું અને જિલ્લાનું નામ રોશન કર્યુ હતું તેમજ તક્ષશિલાએ દ્વિતીય નંબરે જીત મેળવી ગામનું ગૌરવ વધાર્યુ હતું. આ જીત મેળવા બદલ અવનીશભાઈ પટેલને સ્નેહીમિત્રો તરફથી શુભેચ્છાઓ અને અભિનંદનથી બિરદાવવામાં આવ્યા છે.

## ગુજરાત મિશન સુરક્ષા પરિષદની સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત મિશન સુરક્ષા પરિષદ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના અનુયાયી કાશીરામજીની ૮૫મી જન્મજયંતિ નિમિત્તે તા. ૧૫ માર્ચના રોજ બપોરે ૧૨ કલાકે ગુજરાતના એસસી/એસટી માયનોરીટી બહુજન સમાજના જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાની વિશાળસભાનું આયોજન સે-૧૨ સ્થિત બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું છે. સભાના અધ્યક્ષસ્થાને ગંગારામભાઈ હાજર રહેશે. સંસ્થા દ્વારા કર્મચારીઓને અધિકારીઓને તથા નગરજનોને હાજર રહેવા જણાવાયું છે.